જન્મદિને વધામણી

શ્રુતિ એસ કંસારા
મો. ૪૧૮૧૪ ૪૪૩૪૮

શાળાકીય ટેકવોન્ડોમાં સરસ્વતી વિદ્યાલયનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા (શાળાકીય ટેકવોન્ડો) સ્પર્ધા સાઈ ખાતે યોજાઈ હતી. જેમાં એસએસવી કેમ્પસના બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી અન્ડર-૧૪માં શાહ ઋષિ ધો-૮ના વિદ્યાર્થીએ ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેમજ અન્ડર-૧૯માં સોની ટવીંકલ ધો-૧૧ની વિદ્યાર્થીનીએ ગાંધીનગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને એસએસવી કેમ્પસ પરિવારનું ગૌરવ વધાર્યું છે. એએસવી પરિવારે આ બંને વિદ્યાર્થીઓ વધુને વધુ પ્રગતિ કરે તેવા આર્શીવચન આપ્યા હતા. શાળાના ટ્રસ્ટીશ્રી તેમજ પ્રિન્સીપાલ શ્રી યોગેશભાઈ રાવલે બંને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. આ બંને વિદ્યાર્થીઓ રાજયકક્ષાએ રમવા માટે પસંદગી પામેલ છે.

સરકારી પ્રાથમિક શાળા, બોરીજ ખાતે ગુજરાત રાજ્ય આઈએએસ ઑફિસર્સ વાઇફ ઍસોસિએશન તતા જિલ્લા જલસ્ત્રાવ એકમ, ગાંધીનગર દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને વૃક્ષોનું જતન અને રક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવી તેમજ વન સંશોધન સંકુલ, બોરીજના અધિકારી હેમંતભાઈ સુથાર દ્વારા ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓને વનસ્પતિ, પ્રાણીઓ અને પક્ષીઓની જાણકારી આપતી ક્વિઝ કૉમ્પિટિશનનું આયોજન પણ કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં પૂછાયેલા પ્રશ્નોના સાચાવ ઉત્તરો આપનારા ૩૦ જેટલા વિદ્યાર્થીઓને ઇનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધો. ૫ થી ૮ની વિદ્યાર્થીની બહેનોએ દાંડીકુટિર આયોજીત ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. તથા દાંડીકુટિરમાં પૂજ્ય મહાત્મા ગાંધીની સ્મૃતિઓના ભવ્ય મ્યુઝીયમની મુલાકાત પણ લીધી હતી. આ દરમિયાન ગાંધીજીના જીવન આધારિત ટી.વી. શૉ પણ બાળકને નિહાળવાનો લાભ મળ્યો. ચિત્ર સ્પર્ધામાં દાંડીકુટિરના સ્ટાફે ગાંધીજી વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. બાળકોને સમજ આપી ચિત્ર સ્પર્ધાના મુખ્ય વિષયો દાંડીકૂચ, સાબરમતી આશ્રમ, સ્વચ્છતા મિશન, મહાત્મા ગાંધીજી અને ચરખો હતા. ઉપરોક્ત વિષયો પર વિદ્યાર્થિની બહેનોએ સરસમજાના ચિત્રો તૈયાર કર્યા હતા. આ સ્પર્ધાનું માર્ગદર્શન શાળાના શિક્ષક હસમુખભાઈ તથા દિવ્યેશભાઈએ આપ્યું હતું.

વારલી જાતીને ઉજાગર કરતું નાટક ગાંધીનગરના યુવાઓ દ્વારા ભજવાયું

ગાંધીનગર, તા. ૫

તમે વારલી પેઇન્ટિંગ વવષે સાંભળ્યાં હશે. પણ આ પેઇન્ટિંગ બનાવતા વારલી જાવતના લોકો વિષે સાંભળ્યું છે ખરૂં? આ આદિવાસી જાતિના લોકો ગુજરાતના અલગ-અલગ વિસ્તારમાં વસેલા છે અને તેમની જીવન શૈલીને દર્શાવતું આ નાટક "આમી અસલ આદિવાસી –ઝાડી જાંગલના રેહવાસી" ગુજરાત-મહારાષ્ટ્રના ડુંગરીયાળ વિસ્તારોમાાં વસતા આદિવાસીઓની સ્વચ્છંદ ગાથા છે. જેને ધ અર્થિંગ સોસાયટી, ગાંધીનગરના નાટયકારો તેમજ ગૂજરાત વિદ્યાપીઠના ડાંગ વિસ્તારના વિદ્યાથીઓના સામર્થ્યથી બનાવવામાં આવ્યું છે.

નાટકમાાં દુર્બળ સમયમાાંથી ગુજરતા એક વારલી જાતિના શિવરામની કથા છે, જે પોતાની કથળતી સ્થિતિથી બહાર આવવા માાંગે છે અને શહેર જઈને વિકાસ કરવા માાંગે છે. કેમ કે તેને આભાસ થઇ ગયો છે કે, તે કમજોર છે અને તે ખાલી મજૂરી કરી શકે છે. કુનબી લોકોની જેમ ખેતી ન કરી શકે. પણ તે દરેક વખતે પોતાની પત્ની વાસંતી અને ગામના વડીલ દાદા સામે ઝુકી જાય છે, ગામનો જમીનદાર તેની જમીન હડપ કરવા માાંગે છે અને શિવરામને મારવાનાં ષડયંત્ર બનાવે છે. લોહારીદેવના પહાડ પર શિવરામ અને જમીનદાર વચ્ચે ઝપા-ઝપી થાય છે અને લોહારી દેવની આત્મા તેની રક્ષા કરે છે. પોતાની જાતને સહી સલામત જોઇને શિવરામ ભાવવિભોર થઈ જાય છે અને પ્રતિજ્ઞા કરે છે કે હવે ક્યારેય વારલી હોવા પર નિસાસો નહીં નાખે અને પોતે વારલી હોવાનો ગર્વ અનુભવે છે.

સાંશોધનથી માાંડીને, આ નાટકને ઉભું કરવાનો શ્રેય નીલમભાઈ, અનીલ રાઠોડ, ચિરાગ પારેખ, અંજલી ઢાકા, ભાસ્કર ઝાં અને પ્રફુલ પંચાલને આભારી છે. આ ઉપરાંત નાટકમાં વારલી જાતિના પ્રસંગો, પૂજા અને ખેતી સમયે ગવાતાં ગીતો તેમજ નૃત્યને દેશી તાલ સાથે સમાવ્યું છે અને ઉપ કલાકારોના સમન્વયથી આ નાટક મંચ ઉપર અદ્‌ભૂત દેશ્ય ખડું કરે છે. મજાની વાત એ છે કે ઘણાબધા કલાકારોએ પ્રથમ વખત નાટકમાં ભાગ લીધો અને નાટકને સફળ કરવામાં પોતાનો ફાળો નોંધાવ્યો. ગૂજરાત વિદ્યાપીઠના સહયોગથી નાટકની પ્રથમ પ્રસ્તુતિ તાજેતરમાં જ હીરક મહોત્સવ હોલમાં કરવામાં આવી.

નાટકને સફળ કરવા પાછળ મોહનભાઈ, રેવાબેન, નીમિષાબેન, ધૃવ, પ્રશાંત, રાજ, રવિ, શૈલ, જિગર, પિયુષ, પ્રણાલી, બીનલ, મેરા, રાકેશ, ગૌરવ, આશિષ, મેહુલ, દીપિકા, ધર્મેશ, ધૃવ, ગૌરાંગ, ગર્વિષ, મિલાપ, કિશન, દૈવિક, વિશાલ, રિદ્ધિ, હર્ષદીપ, નિસર્ગ, મૌલિક, રાહુલ, વિશાલ, શુભમ, ઉમેશ, લવ, દેવાશં, ચાણક્ય અને જય દ્વારા યોગદાન આપવામાં આવ્યું હતું.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ઢીશૂમ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૪૫

સ્ક્રીન-૨
કબાલી (હિન્દી)
૩.૪૫, ૬.૩૦
ઢીશૂમ
૧.૩૦, ૯.૩૦

સ્ક્રીન-૩
ધી બીએફજી
(૩ડી-અંગ્રેજી)
૧૦.૪૫, ૧૦.૦૦
ધી બીએફજી
(૩ડી-હિન્દી)
૩.૧૫, ૭.૪૫
ઘોસ્ટબસ્ટર્સ
(૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૫.૩૦

સ્ક્રીન-૪
મદારી
૧૨.૩૦, ૩.૪૫, ૧૦.૦૦
સુલતાન
૬.૧૫

સ્ક્રીન-૫
ઢીશૂમ
સવારે ૧૦.૦૦
કબાલી (હિન્દી)
૧૨.૩૦, ૯.૩૦
સુલતાન
૩.૧૫
મદારી
૬.૩૦

કે બી ઈન્સ્ટીટ્યુટ ખાતે સ્ટુડન્ટ ઈવેન્ટ 'ઍપોકૉલીપ્સ'નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત કે બી ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસ્યુટીકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ આયોજિત બે દિવસીય સ્ટુડન્ટ ઈવેન્ટ 'ઍપોકૉલિપ્સ'નો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

પ્રથમ દિવસે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, સંસ્થાની પીજી ડિરેક્ટર ડૉ. એ કે શુક્લ, પ્રિન્સિપાલ શ્રીકલ્પ દેશપાંડે, અંબુભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ડૉ. રવિન્દ્ર દુબે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે 'જે બનવા માગો છો તેને ફૉલો કરો' એ બાબતે વિદ્યાર્થીઓને વિશદ માર્ગદર્શન આપ્યું હતું.

પ્રથમ દિવસે પાવરપૉઇન્ટ પ્રેઝન્ટેશન, મૉડેલ મેકિંગ, ફાર્મા સ્કેબલ, ફાર્મા ઍડ જેવી અલગ-અલગ ૧૩ પ્રકારની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેમાં વિવિધ ફાર્મસી કૉલેજના ૩૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા નાથીબા હૉલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શનિવારે બીજા દિવસે ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં પોતાનું નસીબ અજમાવવા એકત્ર થશે. સાંજે સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને સ્મૃતિચિન્હ એનાયત કરવામાં આવશે.

ઉચ્ચ અભ્યાસની સ્કૉલરશીપ માટે આર જી પટેલ સ્કૂલની વિદ્યાર્થીની પસંદગી પામી

ગાંધીનગર, તા. ૫

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષામાં સારા ગુણ સાથે પરીક્ષામાં ઉત્તીણ થનાર વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ ધીરૂભાઈ અંબાણી ફાઉન્ડેશન તરફથી કોલેજના ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશીપ આપવામાં આવે છે. ચાલુ વર્ષે આર.જી. પટેલ કન્યા શાળાની દિવ્યાંગ વિદ્યાર્થીની કુ. બંસરી ભદ્રેશભાઈ રાઠોડ આ સ્કોલરશીપ માટે પસંદગી પામી છે. તેને ઉચ્ચ અભ્યાસ દરમ્યાન પ્રતિવર્ષ રૂ. ૧૨,૫૦૦ સ્કોલરશીપ મળશે. આ વિદ્યાર્થીનીએ સખત પરિશ્રમ અને શિક્ષકગણના મહેનતના ફળ સ્વરૂપે ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી આ સ્કોલરશીપ માટેની યોગ્યતા મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર્સ સહિત સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થીનીને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલ, સે-૨૩, કડી કેમ્પસમાં સીનીયર કે.જી.માં અભ્યાસ કરતી નાનકડી બાળા ધનશ્રી ખુશવાહ, ગાંધીનગર ખાતે યોજાયેલ 'સ્પોર્ટસ ઓફ ઈન્ડિયા'માં સ્વિમિંગ સ્પર્ધામાં ખુબ જ સુંદર પ્રદર્શન સાથે પ્રથમ સ્થાન મેળવેલ છે. શાળાના આચાર્યા દિપાલીબેન જોશી તેમજ શાળા પરીવાર તરફથી ધનશ્રી તથા તેના પરિવારના સર્વને અભિનંદન પાઠવ્યા છે.

'સર્જન' : ગુજરાતી માઈક્રો ફિકશન સ્ટોરીના પ્રચાર અને પ્રસિદ્ધિ માટે કટિબદ્ધ સર્જકો

ગાંધીનગર, તા.૩

ગુજરાતી માઈક્રો ફિકશન સ્ટોરી માટેના અનોખા ગૃપ 'સર્જન'માં છ થી ૧૨ શબ્દો લઈ ૫૫, ૨૦૦ અને ૩૦૦ શબ્દો સુધીની માઈક્રો ફિકશન સ્ટોરી લખાય છે. આ ગ્રુપમાં કોઈ વિષય, ચિત્ર કે પ્રોમ્ટ પરથી વાર્તાઓનું સર્જન થાય છે અને પસંદ પામેલી ગુણવત્તા સભર વાર્તાઓ અક્ષરનાદ વેબસાઈટ પરથી પ્રકાશિત થાય છે. આ અનોખા ગ્રુપના સર્જનને વધુ સુનિયોજીત કરવા તેના પ્રચાર-પ્રસાર અને પ્રસિધ્ધી વગેરેની ચર્ચા કરવા અમદાવાદ ખાતે 'સર્જક'ના સ્થાપક જિજ્ઞેશ અધ્યારૂના અધ્યક્ષ સાથે એક મેળાવડાનુ આયોજન થયું. આ બેઠકનું સંચાલન જાણીતા વાર્તા લેખિકા નીલમ દોશીના માર્ગદર્શન હેઠળ થયું. આ બેઠકમાં મુંબઈ, ભરૂચ, કડી, વડોદરા, પોરબંદર, ગાંધીનગર વગેરે સ્થળોથી સંજય ગુંદલાવકર, સોનિયા ઠકકર, હાર્દિક પંડયા, શિતલ ગઢવી 'જેરાગી', ધવલ સોની, કેતન દેસાઈ 'અંજાન', પરિક્ષીત જોષી, કશ્યપ લંગાલીયા 'કજલ', કલ્પેશ જયસ્વાલ, ભાવિક 'પ્રિયક', કેતન પ્રજાપતિ અને સંજય થોરાત વગેરે સર્જકો હાજર રહ્યા હતા. વાર્તાકાર નીલમ દોશીએ વાર્તાના સર્જનની ટીપ્સ આપી જિજ્ઞેસ અધ્યારૂએ 'સર્જન'ના વિઝનની વાત કરી. પરિક્ષીત જોષીએ આ વાર્તા સંગ્રહને પ્રકાશિત કરવાની વાત કરી હતી. 'સર્જન' ગ્રુપ ઓગષ્ટમાં પ્રથમ ઈ મેગેઝીન પ્રકાશીત કરવા જઈ રહ્યું છે. વોટસએપ દ્વારા સર્જનથી વાર્તાઓને વિશળ ફલક પર મુકવાનું આ કાર્ય બિરદાવવા જેવું છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટીની વિવિધ સ્કીમો પૈકીની વ્યસન મુકિત અંગે સે-૨૯ છાપરાના વસાહત વિસ્તારમાં કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પેરાલીગલ વોલન્ટર્સ અને સામાજિક કાર્યકર સીતારામભાઈ પટેલ તથા ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર હર્ષાબા ધાંધલે વસાહતના રહીશોને નાલ્સા સ્કીમ અને કાયદાની સમજ સહિત વ્યસનથી દૂર રહેવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું હતું.

ચિલેડા પ્રાથમિક શાળાના નવિન ઓરડાનું ભૂમિપૂજન કરાયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકાના પ્રવેશદ્વાર સમા ચિલોડા ખાતે પ્રાથમિક શાળાના નવિન ૧૦ ઓરડા બનાવવાના કાર્યારંભે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતના સરપંચ સવાજી ઠાકોરના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. વિષ્ણુપ્રસાદ રાવલે શાસ્ત્રોકત વિધિ પ્રમાણે બાલિકાઓના હસ્તે પૂજા સંપન્ન કરાવી હતી. આ પ્રસંગે શાળાના ઍસએમસીના અધ્યક્ષ તખુજી ઠાકોર, શિક્ષણવિદ નટુભાઈ પટેલ, મંડળીના ચેરમેન જૈમિનભાઈ પટેલ, મંત્રી જયંતિભાઈ પટેલ, સંજયજી ઠાકોર, જિલ્લા, તાલુકા સર્વ શિક્ષા અભિયાનના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે શાળામાં ૧૦ નવા ઓરડા પૈકી પાંચ ગ્રાઉન્ડ ફ્લોર પર અને પાંચ ઓરડા ફર્સ્ટ ફ્લોર પર બની રહ્યા છે. બંને માળે કુમાર અને કન્યાઓ માટે સેનિટેશન તથા પાણીની વ્યવસ્થા કરવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે સગર્ભા બહેનો માટે સુખડી વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ ખાતે લક્ષ્ય સોસીયલ સર્વિસ ફાઉન્ડેશન અને તાલુકા હેલ્થ ઓફિસના સંયુક્ત ઉપક્રમે સગર્ભા બહેનો માટે સુખડી વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિરમગામ શહેર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગોરૈયા તથા કરકથલની ૫૦ સગર્ભા બહેનોને સુખડી આપવામાં આવી હતી અને સગર્ભાવસ્થા દરમ્યાન રાખવી પડતી સાવચેતીઓ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મેડિકલ ઓફિસર ડો.સંગીતા પટણી, લક્ષ્ય સોસીયલ સર્વિસ ફાઉન્ડેશનના રેખાબેન સરડવા, વૃશાલી દાતાર, ડો.દિપીકા સરડવા, ડો.હર્ષા સાહુ, ડો.દિપ્તિ જોષી સહિત મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગના અધિકારી કર્મચારીઓ ઉપસ્થીત રહ્યા હતા.

સગર્ભા બેનના આહાર વિહાર અંગે લક્ષ્ય સોસીયલ સર્વિસ ફાઉન્ડેશનના રેખાબેન સરડવા અને વૃશાલી દાતારએ જણાવ્યુ હતુ કે, સગર્ભાવસ્થા દરમ્યાન સાંકર, વરીયાળી વાળુ દુધ, જેઠી મધ વાળુ દુધ, માખણ, ઘી, મધ, જુના ચોખા, સંચળ યોગ્ય માત્રામાં લેવુ જાઈએ. છઠ્ઠા માસે ગોખરૂવાળુ દુધ લેવુ જોઈએ.

મગ, મગનું પાણી, કઠોળ, સિંગ, સુખડી, લીલા શાકભાજી વધારે પ્રમાણમાં લેવા જોઈએ. જે ધાત્રી માતાને ધાવણ ન આવતુ હોય તો શતાવરી યુક્ત દુધ લેવાથી ધાવણ યોગ્ય માત્રામાં આવે છે. સગર્ભાવસ્થા દરમ્યાન યોગ્ય માત્રામાં આયર્ન, ફોલીક એસીડ તથા કેલ્શીયમની ટેબલેટ લેવી જોઈએ. સગર્ભાવસ્થા દરમ્યાન આછામાં ઓછી ૩ તપાસ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રમાં કરાવવી જોઈએ. સગર્ભાવસ્થા દરમ્યાન પોતાની ઋચી અનુસારના પુસ્તકો તથા ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું જોઈએ.

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ વખતનો વિષય છે :

'યાદ દાદા-દાદીની'